**૨૯/૯/૨૨** ધો. ૧ અને ૨ ની પ્રથમ કસોટીની ઉત્તરવહી વાલીશ્રીઓને બતાવી. વિષય શિક્ષકોએ અભ્યાસ અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. તેમજ બીજા સત્રની પ્રવૃત્તિ અને સ્પર્ધાની ચર્ચા કરી હતી.

**૩૦/૯/૨૨** **મા.શ્રી.જયંતભાઇ શાહ** દ્વારા જ્ઞાનસત્રના વિષયો પર શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**૬/૧૦/૨૨** ધો. ૩ થી ૫ ની વાલીમિટીગ કરી જેમાં પ્રથમ કસોટીની ઉત્તરવહી વાલીશ્રીને બતાવી વિષય શિક્ષકોએ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.





**૩/૧૦/૨૨** નવરાત્રી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ ટ્રેડીશનલ ડ્રેસમાં આવી ગરબા કર્યા હતા. **કન્વી. નયનાબેન ,હેતલબેન.**





**૧૫/૧૦/૨૨** ગૌરવપથ યાત્રામાં ધો. ૬ અને ૭ ની કુલ અગિયાર વિદ્યાર્થીનીઓએ મહેમાનોનું શ્રી કળશથી સ્વાગત કર્યુ.

**૧૪/૧૧/૨૨** બાળદિનની ઉજવણી કરવામાં આવી. ધો. ૫ના વિદ્યાર્થીઓએ બાળનાટક રજુ કર્યુ ધો. ૩ –અ નો વિદ્યાર્થી પ્રથમ નિહિર ચૌહાણ જવાહરલાલ નહેરુ બન્યો હતો તથા ધો.૩ અને ૪ ના વિદ્યાર્થીઓએ ચાચા નહેરુના જીવન વિશે માહિતી આપી.ધો. ૧ થી ૫ના વિદ્યાર્થીઓએ “ચાચા નહેરુ તુજે સલામ”ગીત ગાયુ. કન્વી. :- નયનાબેન,પદમાબેન,સંધ્યાબેન.




**અફસોસ કરવા કરતાં પ્રયત્ન કરી લેજો કારણ કે વાસ્તવમાં હારી જવું એના કરતા હાર માનીને બેસી રહેવાનો ભાર વધુ હોય છે.**

**૩/૧૨/૨૨** **શ્રીમદ્ ભગવદ્ગીતા જયંતિની** ઊજવણી કરવામાં આવી. જેમાં નયનાબેન પટેલે “શ્રીમદ્ભગવદ્ ગીતા” નું મહાત્મય સમજાવ્યું, તથા ધો. ૩-બની વિદ્યાર્થીની મહેતા શ્રીયા અને ધો. ૨-બ નો વિદ્યાર્થી લીમ્બચીયા જય સાથે નયનાબેને ૧૨ માં અધ્યાયના શ્લોકનું ભાવવાહી રીતે પઠન કર્યુ.

- ધો. ૧ થી ૫ નો રમતોત્સવ ઊજવાયો. જેમાં કુલ ૧૫૬ વિદ્યાર્થીઓએ દોડ, લંગડી દોડ, ત્રિપગી દોડ, દોરડાકૂદ, લીબુચમચી, સંગીતખુરશી, ડીશ થ્રો, કોથળા દોડ, દેડકા કૂદ, હોળીનું નારિયેળ, લોટમાંથી સિક્કો શોધવો જેવી વિવિધ ૨૬ જેટલી રમતોમાં ભાગ લીધો. **કન્વી. :- મિલનબેન,વૈશાલીબેન.**






**૬-૭/૧૨/૨૨** શાળામાં ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓનું તાલુકા હેલ્થ ઓફિસ ભરૂચ દ્વારા ડૉ. કુંજલ ભટ્ટ (RBSK), ડૉ.અલ્પેશ ત્રિવેદી (MO) ,વૈશાલી વાળંદ (ANN) દ્વારા વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરવામાં આવી.



**૧૫/૧૨/૨૨** ધોરણ ૫ ના વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ Shilpi Multiplex થિયેટર ખાતે વિદ્યાર્થી અને શિક્ષકોને પ્રેરણા આપતું "મેડલ" ફિલ્મ જોવા ગયા હતા.

**૧૭/૧૨/૨૨** GNFC માં યોજાયેલ NCSC માં ધો. ૪-બના વિદ્યાર્થીઓ મિસ્ત્રી તન્મય સચિનભાઇ , ખંભાતા આર્યન મનોજકુમાર ગણિત કવીઝ કોમ્પીટીશનમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યા જેને N.C.S.C. દ્વારા શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે.

**૨૧/૧૨/૨૨** ધોરણ ૫ થી ૯ અને ૧૧ ( સા.પ્ર. અને વિ.પ્ર. ) ગુજ. માધ્યમનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. જેમાં ધો. ૫ ના કુલ ૯૮ વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અને રામાયણ પર કૃતિ રજૂ કરી હતી.





**૨૬/૧૨/૨૨** રાજયકક્ષા યુવા ઉત્સવ ૨૦૨૨ અમરેલી મુકામે ધો. ૧૧ વિ.પ્ર.ની વિદ્યાર્થીની પટેલ યેશા ગુમાનભાઇ સર્જનાત્મક કારીગીરી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં જિલ્લાના ટીમ મેનેજર તરીકે નયનાબેન જી.પટેલ ગયા હતા.

**૩૧/૧૨/૨૨** પૂ.પ્રાથમિક અને પ્રાથમિક ગુજ.માધ્યમના ધો. ૧ થી ૪ના કુલ ૪૬૧ વિદ્યાર્થીઓને સેવા,સંસ્કાર, સંસ્કૃતિ વિષય પર ગુરૂ, માતા-પિતા, પ્રાણી પ્રેમ, શિવભકિત .અષ્ટાવક્ર, ઐતિહાસિક પાત્રો, મહિષાસુર વધ, ખેલ ખેલ મેં યોગા, કૃષ્ણલીલા કૃતિઓ રજૂ કરી હતી. વિશેષમાં ૮૦ વર્ષની વયના વડીલોના સન્માનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.









**3/૧/૨૩** રોટરી કલબ દ્વારા નેશન બિલ્ડર એવોર્ડ અંતર્ગત પ્રાથમિક વિભાગના સુપરવાઇઝર શીતલબેન વાઘેલા અને ઉચ્ચ પ્રાથમિક વિભાગના સુપરવાઇઝર કંચનબેન પરમારને ન્માનિત કરવામાં આવ્યા.




